# RH વિસંતગીની ગર્ભના આરોગ્ય પર ગંભીર અસર

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

આરએચ વિસંગતી લોહીના પ્રકાર સાથે સંબંધિત એક અસામાન્ય પણ ગંભીર સમસ્યા છે. આરએચ નેગેટિવ મહિલાઓમાં ઉદભવતી આ સમસ્યાને લીધે તે મહિલાઓના ગર્ભના આરોગ્ય પર ગંભીર અસર થઈ શકે છે, ગર્ભપાત થવો, બાળક જન્મે ત્યારથી તેને એનિમિયા, ગંભીર સ્વરૂપનો કમળો અને મગજ સાથે સંબંધિત સસ્યા એવા વિકાર હોઈ શકે છે.

આથી જ સર્વ ગર્ભવતી મહિલાઓએ આરએચ લોહીના પ્રકારની તપાસ કરી લેવાનું મહત્ત્વપૂર્ણ છે, એમ સ્ત્રી રોગ નિષ્ણાત, મુલુંડના પ્રોગેની આઈવીએફ સેન્ટર અને થાણેની જ્યુપિટર હોસ્પિટલના આઈવીએફ સ્પેશિયાલિસ્ટ, ડો. આર જે ગણાત્રાઝ નર્સિંગ હોમના સંચાલક ડો. અતુલ ગણાત્રાએ જણાવ્યું હતું.